## પશ્ચિમ રેલ્વે પોલીસ યુનિટ વડોદરાની તા. ૨૩/૧૨/૨૦૧૮ થી તા. ૨૯/૧૨/૨૦૧૮ સુધીના વિકની સારી કામગીરી (પોલીસ સાફલ્ય ગાથા) ની વિગત :-

(૧) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર ૨૬/૨૦૧૮ તા. ૨૩/૧૨/૨૦૧૮ :-

તા. ૨૩/૧૨/૨૦૧૮ના રોજ હે.કો. રણજીતસિહ જગમાલાભાઇ નાઓ સુરત રેલ્વે સ્ટેશન ઉપર હાજર હતા તે વખતે એક છોકરો એકલો રખડતો જોવામા આવતા તેનુ નામ ઠામ પુછતા તેને પોતાનુ નામ આકાશ પીન્ટુ જાતે-સિન્દે ઉ.વ. ૧૩, ધંધો-રખડતો રહે. મીલીન્દનગર ઝુંપડપટ્ટી, સુરતવાળો હોવાનુ જણાવતા તેના કાકા નામે નરેશભાઇનો સંપર્ક કરી જાણ કરતા તેના કાકા તેને લેવા માટે સુરત રે.પો.સ્ટે.મા આવતા તેમનુ નિવેદન તથા યોગ્ય પુરાવા મેળવી છોકરાનો કબજો તેના કાકાને રૂબરૂમા સોંપવામા આવેલ છે.

(૨) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર ૨૨/૨૦૧૮ તા. ૨૪/૧૨/૨૦૧૮ :-

તા. ૨૪/૧૨/૨૦૧૮ના રોજ ચાઇલ્ડ લાઇન ટીમના સભ્ય નામે કેયુર નાઓને બે છોકરીઓ સુરત રેલ્વે સ્ટેશન ઉપરથી રખડતી મળી આવેલ જેઓને સુરત રેલ્વે પોલીસ સ્ટેશન લાવી રજુ કરતા વુમન હે.કો. મનીષાબેન મધુકર નાઓએ તેમના નામ ઠામ પુછતા તેમને તેમના નામ (૧) રશીલા ડો/ઓ સંજયભાઇ જાતે-વાઘરી ઉ.વ. ૧૦ ધંધો ભીખમાગવાનો રહે. બમ્બાખાના સુરત (૨) કુજંલ સંજયભાઇ વાઘરી ઉ.વ. ૧૧ ધંધો ભીખમાગવાનો રહે સદર નાઓને પુંછતા તેઓ જણાવે છે કે અમો સુરત રેલ્વે સ્ટેશન ઉપર ભીખ માગીને અમારૂ ગુજરાન ચલાવી છીએ જેથી વુમન હે.કો. તેઓના ઘરે જઇ તેના દાદા નામે તુલસીભાઇ નાઓને રૂબરૂ સુરત રે.પો.સ્ટે. ખાતે લઇ આવી તેમનુ નિવેદન તથા યોગ્ય પુરાવા મેળવી છોકરીઓનો કબજો રૂબરૂમા સોપવામાં આવેલ છે

(3) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર ૨૪/૨૦૧૮ તા. ૨૪/૧૨/૨૦૧૮ :-

તા. ૨૪/૧૨/૨૦૧૮ના રોજ ચાઇલ્ડ લાઇન ટીમના સભ્ય નામે અશ્વિની વાઘ નાઓને એક છોકરો સુરત રેલ્વે સ્ટેશન ઉપરથી મળી આવેલ જેને સુરત રેલ્વે પોલીસ સ્ટેશન લાવી રજુ કરતા વુમન હે.કો. મનીષાબેન મધુકર નાઓએ તેનુ નામ ઠામ પુછતા તેને તેનુ નામ છગન સેસારામ જાતે ડાંગી ઉ.વ. ૯ ધંધો અભ્યાસ રહે. કારવા તા. દેસુરી જી.પાલી રાજસ્થાનવાળો હોવાનુ અને તે જણાવે છે કે, મને મારા પિતા મારા વતનથી લઇ આવેલ હતા અને મને સુરત રેલ્વે સ્ટેશન ઉપર બેસાડીને જણાવેલ કે હુ તારા માટે નાસ્તો લેવા જાઉં છુ તેમ કહીને જતા રહેલ ત્યાર બાદ પરત ન આવતા હુ રડતો હતો તે વખતે ટીકીટ ચેકીંગ વાળાઓએ મારા પિતાના નામનુ એનાઉન્સમેન્ટ કરતા મારા પિતા નહી આવતા મારા વાલીવારસોના ફોન પુછતા મને યાદ નહી હોવાથી તેની સ્કુલનો સંપર્ક કરી તેના કાકાનો મો.ફોન ઉપર સંપર્ક કરતા તેઓ જણાવે છે કે અમોએ દેસુરી પોલીસ સ્ટેશનમાં છોકરો ગુમ થયા અંગે મીસીગ દાખલ કરાવેલ હોય અને છોકરાને લેવા માટે સુરત આવવાનુ જણાવતા હોય તેઓ સુરત આવે તયાં સુધી તેની સાંરસંભાળ માટે શ્રી,વી.આર.પોપાવાલા ચિલ્ડ્રન હોમ કતારગામ સુરત ખાતે મુકવામાં આવેલ અને તા ૨૫/૧૨/૨૦૧૮ ના રોજ રાજસ્થાન પોલીસ તથા છોકરાના દાદા સુરત રે.પો.સ્ટે.માં લેવા માટે આવતા છોકરાને ચિલ્ડ્રન હોમ કતારગામ સુરત ખાતેથી મેળવી તેઓના નિવેદન તથા યોગ્ય પુરાવા મેળવી છોકરાનો કબજો રાજસ્થાન પોલીસ તથા તેના દાદાને રૂબરૂમા સોપવામાં આવેલ છે

Sd/-
પોલીસ અધિક્ષક
પશ્ચિમ રેલ્વે, વડોદરા.